# -: લઝ્ઝતો :-

મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, "દુનિયાની લઝ્ઝતો સાત ચીઝ છે : (૧) જમન (૨) પાની (૩) કપડા (૪) નિકાહ (૫) ખુશ્બૂ (૬) સવારી અને (૭) ગુન્ના (ખુશગવાર આવાઝ). હવે જન્નતમાં દુનિયાની આ સાત લઝ્ઝતો જેવી જ, પણ તેનાથી હઝાર દરજા બેહતર સાત લઝ્ઝતો છે. કુરઆને કરીમમાં આ સાત જન્નતી લઝ્ઝતોની ઝિક્ર છે : (૧) જમનમાં તરહ-તરહના મનપસંદ ઝાયેકાદાર ફલો અને પરિન્દાનો તાઝા ગોશ્ત હશે. (૨) પીવામાં તાઝા ઠંડુ પાની, દૂધ, પાકીઝા શરાબ અને મધની નહેરો હશે. (૩) પહેરવામાં લીલા રેશમના ખૂબસૂરત મખમલી કપડા હશે. (૪) જન્નતીઓની ખિદમતમાં ભલી રૂપાલી, નૈક સીરત, નીચી આઁખોવાલી હુરૂલઈન હશે. (૫) ખુશ્બૂમાં રૌહો રયહાન છે જે રાહતબખ્શ અને ઈત્મિનાન આપનારી હશે. (૬) સવારી વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જન્નતમાં એક ઝાડ હશે જેના થડમાંથી કાબરચીતરા રંગબેરંગી ઘોડાઓ નીકલશે અને એના ઉપર ઈલ્લીયીનના લોગો સવારી કરશે. (૭) ગુન્ના વાસ્તે મૌલાના ઈમામ અહમદુલ મસ્તૂર ફરમાવે છે કે, ઝમીનમાં જે ગિના (રાગો) છે તેનો અસલ અને તેના કરતા ઝિયાદહ સુરીલો મનમોહક તે રાગ છે જે આસ્માનોમાં છે અને આ આસ્માનો તો રૂહો વાસ્તે જન્નતો છે.

અલીએ આઅલા એ આ સાત ચીઝોની ઝિક્ર કરીને હ.જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.) ને ફરમાવું કે, "શું તમે દુનિયાની આ સાત લઝ્ઝતો પર દમ ભરો છો ? ઉફ ! અફસોસ આ દુનિયા ઉપર કે, એની લઝ્ઝત આવી સાત ચીઝોથી ઉઠાવાય છે. જોવ અને ફિક્ર કરો અય જાબિર ! કે, (૧) માઅકૂલ-જમવાની ચીઝોમાં તમામથી ઝિયાદહ મીઠું અને લઝીઝ મધ છે અને તે મધમાખીનું થુઁક છે. (૨) મશરૂબ-પીવાની ચીઝોમાં તમામથી ઝિયાદહ બેહતર પાની છે અને આ પાનીને મુમિન તેમ કાફિર બેવે પીએ છે, બધા વાસ્તે મુબાહ છે. (૩) મલબૂસ - પહેરવાની ચીઝોમાં તમામથી અફઝલ અને ભારી લિબાસ રેશમ છે અને તે એક નાના હકીર કીડાનું લોઆબ (રાલ) છે. (૪) મરકૂબ - સવારીના જાનવરોમાં તમામથી ઝિયાદહ વફાદાર, ચાલાક અને સ્ફૂર્તિલો ઘોડો છે અને તેના ઉપર દોસ્તો તેમ દુશ્મનો સઘલા જ સવારી કરે છે. (૫) મશમૂમ - સૂંઘવાની ચીઝોમાં તમામ કરતા દિલકશ અને ખુશ્બૂદાર કસ્તૂરી છે અને તે એક ઝાતના હીરનની ડૂંટી માંથી નીકલે છે. (૬) મનકૂહ - નિકાહ વાસ્તે અફઝલ ચીઝ બૈરો છે અને તેની લઝ્ઝત શરમગાહોના ઝરીએ હાસિલ થાય છે. (૭) મસમૂઅ - સાંભલવાની ચીઝોમાં જલીલતર ચીઝ રાગ અને ગુન્ના છે અને તેનું સાંભલવું પાપ છે ગુનાહ છે."

➔ હવે જે દુનિયાની લઝ્ઝતોની સિફત-અસલ આ મુજબનું હોય, તો પછી તમેં અય જાબિર, શું કામ એના ઉપર દમ ભરો છો અને એના હાસિલ ન થાવા પર શું કામ હમ-ગમ કરો છો ? મૌલાના અલી (અ.સ.) ના આ કલામ સાંભલીને હ.જાબિર (રિ.અ.) એ ફરમાવું કે, "મારા મૌલાના આ કલામ પછી કોઈ વક્ત પણ મારા દિલ ઉપર દુનિયાની લઝ્ઝતો અને શેહવતોનો ખતરો ગુઝરો નથી."

મુમેનીનની જમાઅત ! આ દુનિયા એક સફરગાહ છે. હમેં જે જગા પરથી આ દુનિયામાં આવેલા છે અને સફર કરીને દોબારહ પાછા એ જગા પર જઈશું એ હમારી અસલી રહેવાની જગા છે, કાયમી ગુઝારાનું મકાન છે, જાએ ઈત્મેનાન અને રાહતબખ્શ છે, તે બીજું કઈ નથી પણ હમારી આખેરત છે, જન્નત છે. પંજતની અને હુસૈની મુમેનીન વાસ્તે જન્નતમાં બલંદ દરજાત છે. તો પછી મૌલા અલી (અ.સ.) ની નઝરમાં દુનિયાની લઝ્ઝતોની જે કેફીયત છે તેથી સબક લઈને હમને દુનિયાની ખ્વાહેશાત અને મુતાલેબાતને છોડીને, કાબૂમાં રાખીને એવી અનમોલ અને કાયમી-દાયમી નેઅમતોની ઉમ્મીદ રાખવી જોઈએ જે હમારી મૌત બાદ હમારી રૂહાની ઝિંદગીને ઝીનત બખ્શવા વાસ્તે બેહતરીન ઝરીયો સાબિત થાય. ★